## આંક–૫ લગત હુકમ

(૧) વાદીએ હાલના દાવામાં, આંક–૫ થી કામચલાઉ મનાઈ હુકમની અરજી આપી જણાવેલ છે કે, સદરહું રજી.ડીસ્ટ્રીકટ આણંદ અને સબ ડીસ્ટ્રીકટ અને તાલુકા આંકલાવના મોજે ઉમેટા ગામની રે.સ.નં.૨૯૯ હે.આરે.ચો.મી.૦–૨૫–૨૯ આકાર રૂ.૧૩.૦૦ વાળી જમીન કે જે સ્વંતત્ર માલીકી અને કબજા ભોગવટાની જણાવી વેચાણ આપવાનુ નક્કી કરી બાનાખત કરી આપેલ તે જમીન ની પુર્વે જાહેર રસ્તો આવેલો છે તથા પશ્ચિમે ધેણાણીની જમીન આવેલ છે તથા ઉત્તરે ઉમેટા–ભાદરણ જવાનો રોડ રસ્તો છે તથા દક્ષીણે સરકારી મકાનો આવેલા છે.

વધુમાં વાદી જણાવે છે કે હાલના પ્રતિવાદી સદરહુ મિલકત અમો વાદીને વેચાણ આપવાનુ નકકી કરી બાનાપેટે રૂા૧૨,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા બાર લાખ પુરા) જેવી મોટી રકમ લઈ તેની સામે સદરહુ મિલકતનો દસ્તાવેજ નહીં કરી આપી, આમ કરી પ્રતિવાદી દ્વારા  વાદી સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કરેલો છે.વાદીએ જમીનના અવેજ પેટે નાણા આપેલા છે, તેની સામે પ્રતિવાદીએ બાનાખત કરી આપેલ છે. હાલમાં વાદીની હાલત ખુબજ દયનીય થયેલ છે, કારણ કે  વાદીએ રૂા.૧૨,૦૦,૦૦૦/– જેવી મોટી રકમ પ્રતિવાદીને આપેલ છે અને આટલી મોટી રકમ લઈ પ્રતિવાદીએ બાકીનો અવેજ લઈ દસ્તાવેજ કરી આપેલ નથી, અને આમ કરી  વાદીને ખુબજ મોટા નુકશાનમાં ઉતારી પાડેલ છે જેથી  વાદી આર્થીક રીતે પડી ભાગેલા છે, સદર કામનાં પ્રતિવાદી નું નામ વેચાણ દસ્તાવેજમાં ચાલતુ હોઈ તે રુએ તેઓ કે તેમનાં મળતીયા ઈસમો, પ્રતિનિધીઓ, પરિશિષ્ટ વાળી મિલકત અન્ય કોઈ ઈસમને સંસ્થાને વેચાણ, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરે કરાવે નહી તથા અમો વાદીનો પ્રાઇમાફેસી કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયસ પણ અમો વાદીના લાભમાં છે જેથી વાદીની આંક–૫ ની મનાઇ અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૨) આ કામના પ્રતિવાદી આંક–૧૭ થી રજુ જવાબ માં એવી હકીકત જણાવે છે કે દાવા અરજીમાં જણાવેલ હકીકત જેવી કે દાવાવાળી મિલકતનું તારીખ ૦૩/ ૦૨/ ૨૦૧૮ ના રોજ અનુક્રમ નંબર– ૬૪૪ થી નોટરી રૂબરૂ સમક્ષ રૂપિયા ૧૩,૦૦,૦૦૦/– અંકે રૂપિયા

તેર લાખ પુરાનો અવેજ નક્કી કરી બાનાખત કરી આપેલ હોવાની તથા તે અવેજ પેટે ટુકડે–ટુકડે રૂ.૧૨,૦૦,૦૦૦/– અંકે રૂપિયા બાર લાખ પુરાનો અવેજ લીધેલ હોવાની અને રાજીખુશીથી બાનાખત કરી આપેલ હોવાની તથા ત્યારબાદ વાદી પ્રતિવાદીને મળેલ હોવાની તથા રૂ,૧,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ નો બાકી અવેજ દસ્તાવેજકરી આપે ત્યારે અવાર–નવાર દસ્તાવેજ કરી આપવા જણાવતા હોવા છતા પ્રતિવાદી બહાના બનાવી ટાઈમ કાઢતા હોવાની તથા દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપવા લીગલ નોટીસ મોકલેલ હોવાની તથા પ્રતિવાદી વાદીને અંધારામાં રાખી દાવાવાળી મિલકત ત્રાહિત વ્યક્તિઓને વેચાણ કરવા પેરવી કરી રહેલ હોવાની તથા દાવાવાળી મિલક્ત પરત્વે વાદીએ વેચાણ બાનાખત કરાવેલ હોવાથી વાદીનું દાવાવાળી મિલકતમાં હક્ક–હીત સમાયેલ હોવાની તથા તે બાનાખતના અમલ માટે દાવો દાખલ કરેલ હોવાની તમામ હકીકતો ખરી ના હોય કબુલ મંજુર નથી તેમ પ્રતિવાદી તેમના જબાવમાં જણાવે છે.

વધુમાં પ્રતિવાદી જણાવે છે કે આ કામના વાદી નં.૧ ના મામા ચૌહાણ જીતેન્દ્રસિંહ શનાભાઈ પાસેથી પ્રતીવાદીના પતિએ વ્યાજે રકમ લીધેલી તે રકમ પ્રતીવાદીના પતિ ચુકવતા હતા તે વાદી નં.૧ તથા તેના પિતા હરિશ્ચન્દ્ર સુરેન્દ્ર ચાવડા તથા હીનાબેન ચાવડાનાઓના ખાતામાં પ્રતીવાદીના પતિ ધ્વારા જમા કરાવેલ છે પરંતુ આ કામના વાદીએ સદરહુ કામે પ્રતિવાદી સાથે છેતરપીંડી કરી અને સદરહુ કામે વાદીના પિતરાઈ ભાઈને દસ્તાવેજ કરી આપ્યા બાદ પ્રતીવાદીને અન્ય અસલ બાનાખતો પરત કરવાના સ્થાને પ્રતિવાદી પાસેથી નાણા પડાવવા માટે અત્રેની અદાલતમાં ત્રણ દાવા કરેલ છે.જે તમામ હકીકત અત્રે વાદી છુપાવી આવેલ છે. પરંતુ પ્રતિવાદીના પતિ મૈંચેત જતા વાદીની દાનત બગડતા ત્રાગડુ રચી પ્રતિવાદી વિરુધ્ધ ખોટી હકીકતો દર્શાવી હાલનો દાવો કરેલો છે જે રદ્દ થવા પાત્ર છે.

વધુમાં પ્રતિવાદી જણાવે છે કે વાદી દ્વારા પ્રતિવાદીની સામે કો.મુ.નં.૧૨/૨૦૨૧ જે નામ.કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે તે કામે વાદી દ્વારા ખોટી હકીકત જણાવી અને આ કામના વાદીઓએ પ્રતિવાદીના પતિ હયાત હતા તે સમયે પ્રતીવાદીના પતિ પાસેથી

પ્રતીવાદીની જાણબહાર પ્રતિવાદીના પુત્ર સાગરની સહીઓ વાળા બે કોરા માત્ર સહી કરેલા ચેકો નં.૨૭૫૦૮૮તથા ૨૭૫૦૮૯ મેળવી લીધેલા.જે ચેકોમાં રકમ તથા અન્ય વિગત ભરી  પ્રતિવાદી તથા તેમના પુત્ર વિરુધ્ધ કરજણ મુકામે નામદાર કોર્ટ સમક્ષ કો.મુ.નુ૧૨/૨૦૨૧ દાવામાં જણાવેલ બાનાખત વાળી રકમ વસુલ લેવા માટે સીસી નં.૬૮૧/૨૦૨૧ તથા ૬૮૨/૨૦૨૧ના ક્રિમીનલ કેસો કરેલા છે તે તમામ મહત્વની હકીકતો જે હકીકતો દાવાના આખરી ન્યાયિક નિર્ણયને અસરકર્તા છે. તેવી મહત્વની અને ખરી હકીકતો જે અંગે વાદીઓ સંપૂર્ણ પણે માહિતગાર છે.અને તેમની આવી મહત્વની હકીકતો તેમની જાત માહિતીમાં હોવા છતા જાણીબુજીને નામદાર કોર્ટ સમક્ષ છુપાવી તેમના લાભમાં હુકમ લેવાના બદઈરાદા સાથે હાલનો દાવો લાવેલા હોય જે દાવાની "suggestio fals" and" suggestio veri" ના સિધ્ધાંતોની વિરુધ્ધ હોય વાદીનો દાવો તથા મનાઈઅરજી ખર્ચ સહ રદ્દ થવા અરજ કરેલ છે.તેમજ આ કામના વાદીની મનાઈ અરજી રદ કરવામાં આવે તો વાદીઓને કોઈ નુકસાન જાય તેમ નથી પરંતુ જો વાદીઓની મનાઈઅરજી મંજુર કરવામાં આવે તો પ્રતિવાદીના બંધારણીય હક્કોનુ ભંગ થાય તેમ છે તથા દાવા હક્કીકત જોતા વાદીઓનો કોઈ પ્રાઈમફિસી કેસ નથી તથા બેલેન્સ ઓફ કન્વીનીયંસ પ્રતિવાદીના લાભમાં છે.તથા મનાઈ અરજી મંજુર કરવામાં આવે તો પ્રતિવાદીને પૈસાથી ન વળી શકે તેવુ પારવાર નુકસાન થાય તેમ છે .જ્યારે કે મનાઈ અરજી રદ કરવામાં આવે તો વાદીઓને કોઈ નુકસાન થાય તેમ નથી. વધુમાં પ્રતિવાદી  જણાવે છે કે વાદી ગેરવ્યાજબી હક્ક પ્રતિવાદીની જમીનમાં ઉભો કરવા માટે ખોટી હકીકત જણાવી દાવો તથા મનાઈ હુકમની અરજી કરેલ છે. વધુમા પ્રતિવાદીઓ જણાવે છે કે વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી તેમજ બેલેનસ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં નથી. જેથી વાદીની અરજી નામંજુર કરવી જોઈએ.

(૩)આ કામમાં વાદી તથા પ્રતિવાદી દ્વારા  મૌખીક દલીલો કરવામા આવેલ છે તે ધ્યાને લીધી.

આ કામે વાદી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, તેમને આ કામના પ્રતિવાદીને દાવાવાળી મિલ્કતના અવેજ પેટે રૂપીયા બાર લાખ ચુકવી આપ્યા છે અને

ફકત રૂ.એકલાખ ચુકવી આપવાના બાકી છે જે વાદીને ચુકવી આપવા તૈયાર છે પરંતુ પ્રતિવાદીઓ વાદીની તરફેણમાં દાવાવાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપતા નથી અને દાવાવાળી મિલ્કતને બીજી જગ્યાએ વેચવાનો પ્રયત્ન કરે છે.જેથી વાદી જણાવે છે કે તેમનો પ્રાઇમાફેસી કેસ છે અને જે વાદીના લાભમાં કામચલાઉ મનાઇ અરજી નો હુકમ નહી કરવામાં આવે તો પ્રતિવાદી દાવાવાળી મિલ્કત માં અન્ય કોઇને વેચીને તેમનો ખોટો હક્ક ઉભો કરી શકે તેમ છે જેથી મલ્ટીપ્લીસીટી ઓફ લીટીગેશન ની શકયતા રહેલ છે.

ત્યારબાદ પ્રતિવાદી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે આ કામના વાદી અને શૈલેષભાઇ જશભાઇ વચ્ચે જે તકરારી બાનાખતનો કરાર છે તે શંકા ઉપજાવે તેવો છે કેમ કે નોટરી રૂબરૂ જે તકરારી બાનાખત કરવામાં આવેલ છે તે સ્ટેમ્પ શૈલેષભાઇ જશભાઇ દ્વારા તા. ૨૮/૧૨/૨૦૧૭ ના રોજ ખરીદવામાં આવેલ અને પક્ષકારો વચ્ચે બાનાખત તા.૦૨/૦૨/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ પરંતુ સદર બાનાખત તા.૦૩/૦૨/૨૦૧૮ ના રોજ નોટરાઇઝ કરવામાં આવેલ. જેથી પ્રતિવાદી જણાવે છે કે સદર બાનાખતનો સ્ટેમ્પ ખરીદ્યા બાદ એક મહીના પછી કેમ બાનાખત કરવામાં આવેલ છે તેનો ખુલાસો વાદીએ તેમની દાવાઅરજી માં કરેલ નથી. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે વાદીએ ફક્ત એક લાખ રૂપીયા જ કેમ બાકી રાખેલા જ્યારે મોટા ભાગની અવેજ ની રકમ પ્રતિવાદીને ચુકવી આપેલી છે તો એક લાખ રૂપીયા વધારે આપીને પણ જે તે સમયે વાદી દ્વારા તેમના તરફેણમાં રજીસ્ટ્રર સેલ ડીડ કરાવી લીધેલ હોય પરંતુ એવુ બનેલ નથી.જેથી વાદી જણાવે છે તે બાનાખત એક દમ ખોટુ અને ઉપજાવી કાઢેલુ છે.વધુમાં પ્રતિવાદી ના વિ.વ.શ્રી જણાવે છે કે બાનાખતની તારીખ ૦૩/૦૨/૧૮ છે પરંતુ સદર કેસ નામદાર કોર્ટ સમક્ષ તા.૨૩/૦૨/૨૦૨૧ ના રોજ રજીસ્ટ્રર્ડ થયેલો જેથી સદર કેસને લીમીટેશનનો બાધ નડે છે તેમજ વાદી અને પ્રતિવાદી વચ્ચે થયેલ પૈસા ની લેવડ–દેવડ શંકાસ્પદ અને બેનામી હોય તેવુ જણાઇ આવે છે.વધુમાં તેઓ જણાવે છે કે વાદીને પૈસા થી વળતર ચુકવી આપી શકાય તેમ છે જેથી વાદી ની કામચલાઉ મનાઇ અરજી હાલ ના તબક્કે રદ થવા પાત્ર છે.

(૪). સદરહુ ઉપરોકત આંક–૫ વાળી મનાઈ અરજીના નીર્ણય સારુ અમારી સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

મુદદ્ધા નં.૧ શું વાદી નો પ્રથમ દર્શનીય કેસ પુરવાર થાય છે ?

મુદદા નં.૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે

મુદદા નં.૩. શું વાદીની માંગણી મુજબ મનાઈ હુકમ આપવામા ના આવે તો,વાદીને નાણામા ભરપાઈ ના થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે ?

મુદ્ધા નં.૪. આખરી હુકમ મુજબ.

(૫). ઉપરોકત મુદદાના જવાબો અને કારણો નીચે મુજબ છે.

મુદ્ધા નં.૧. હકારમા,

મુદ્ધા નં.૨. હકારમા,

મુદ્ધા નં.૩. હકારમા,

મુદ્ધા નં.૪. આખરી હુકમ મુજબ.

## <u>નિર્ણય માટેના કારણો</u>

(૬) <u>મુદદ્ધા નં.૧ થી ૩.</u>

(૬)(એ) મુદદા નં.૧ થી ૩ એક બીજાની સાજુ સંકળાયેલ હોઈ અને તમામ મુદદાની ચર્ચા એક સાથે કરવી ન્યાયોચીત જણાતુ હોઈ, તમામ મુદદાઓની ચર્ચા અહી એક સાથે કરવામાં આવેલી છે.

આમ, ઉપરોકત મુજબના પક્ષકારોના પ્લીડીંગ અને વાદી પક્ષની દલીલો ધ્યાને લેતા એવુ જણાય આવે છે કે, વાદી જણાવે છે કે પ્રતિવાદી દ્વારા સદર મિલ્કતનો બાનાખત નોટરી રૂબરુ તા.૦૩/૦૨/૧૮ ના રોજ કરવામાં આવેલુ અને ત્યારબાદ પ્રતિવાદી વાદીની તરફેણમાં રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ કરી આપતા નથી. સમગ્ર કેસનો રેકર્ડ જોવામાં આવે તો માર્ક ૩/૧ થી રજુ થયેલ નોટરાઇઝ બાનાખતમાં એમ જણાઇ આવે છે કે પટેલ શૈલેષભાઇ જશભાઇ દ્વારા વાદી ઇન્દ્રજીતસિંહ હરીશસિંહ ચાવડા ની તરફેણમાં તા. ૦૩/૦૨/૨૦૧૮ ના રોજ એક બાનાખત કરવામાં આવેલ. આ કોર્ટનું માનવુ છે કે પ્રતિવાદીની દલીલ કે સદરહુ સ્ટેમ્પ તા. ૨૮/૧૨/૨૦૧૭ ના રોજ ખરીદવામાં આવેલુ પરંતુ એક મહીના પછી વાપરવામાં આવેલુ તે ગ્રાહ્ય રાખી શકાય નહી કેમકે સ્ટેમ્પની જો કોઇ સમયમર્યાદા હોય તો આવો કોઇ કાયદો કે નીયમ રેકર્ડ પર રજુ રાખેલ નથી.વધુમાં આ કોર્ટનુ માનવુ છે કે વાદી અને શૈલેષભાઇ જશભાઇ પટેલ વચ્ચે બાનાખત તા. ૦૨/૦૨/૨૦૧૮ ના રોજ કરવામાં આવેલુ પરંતુ નોટરાઇજ તા.૦૩/૦૨/૨૦૧૮ના રોજ કરવામાં આવેલુ તેવી પ્રતિવાદીની દલીલ પણ હાલના તબક્કે ટકવા પાત્ર જણાઇ આવતી નથી. માર્ક ૩/૧ થી રજુ બાનાખત જોઇએ તો તેમાં પેરા નં. ૫ વાંચવામાં આવે તો સદરહુ બાનાખતની કોઇ મુદત નક્કી કરવામાં આવેલ હોય તેવુ જણાવેલ નથી જેથી સદર કેસ ને સમયમર્યાદાનો બાધ નડે છે પ્રતિવાદની રજુઆત પણ હાલના તબક્કે ગ્રાહ્ય રાખી શકાય નહી.

(૬)(બી) વધુમાં બાનાખત ધ્યાને લેવામાં આવે તો તેમાં અવેજની રકમ તેર લાખ માંથી બાર લાખ રૂપીયા વાદી દ્વારા શૈલેષભાઇ જશભાઇ પટેલને ચુકવી આપેલ છે જેથી આ કોર્ટનું પ્રાઇમાફેસી એવુ માનવું છે કે વાદી અને શૈલેષભાઇ જશભાઇ પટેલ વચ્ચે જે વ્યવ્હાર થયેલ છે તે બેનામી– શંકાસ્પદ છે કે કેમ તે પુરાવાનો વિષય છે અને તે બંને પક્ષકારો દ્વારા રજુ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન કર્યા બાદ જ નક્કી કરી શકાય. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, વાદીએ તેમના પિતરાઇ ભાઇ હિતેન્દ્ર કિરીટસિંહ રાજ ની તરફેણમાં જશલોક રેસીડન્સી માં આવેલ ફ્લેટ નં. ૨૦૪ નો વેચાણ દસ્તાવેજ શૈલેષભાઇ જશભાઇ પટેલ પાસે થી કરાવી લીધેલ છે અને ત્યારબાદ સદરહુ બાનાખત વાદીને નાશ કરવાનો હતો પરંતુ હાલના તબક્કે ખોટી રીતે તેનો ઉપયોગ કરવામાં આવેલ છે.આ

તબક્કે આ કોર્ટ નુ માનવુ છે કે આવી દલીલ હાલ ગ્રાહ્ય રાખી શકાય નહી કેમ કે તે નક્કી કરવા માટે પણ ટ્રાયલ દરમિયાન રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવુ જરૂરી જણાઇ આવે છે. વધુમાં આ કામના પ્રતિવાદીની દલીલ કે, *"આ કામના વાદીઓએ પ્રતિવાદીના પતિ હયાત હતા તે સમયે પ્રતીવાદીના પતિ પાસેથી પ્રતીવાદીની જાણબહાર પ્રતિવાદીના પુત્ર સાગરની સહીઓ વાળા બે કોરા માત્ર સહી કરેલા ચેકો નં.૨૭૫૦૮૮તથા ૨૭૫૦૮૯ મેળવી લીધેલા.જે ચેકોમાં રકમ તથા અન્ય વિગત ભરી પ્રતિવાદી તથા તેમના પુત્ર વિરુધ્ધ કરજણ મુકામે નામદાર કોર્ટ સમક્ષ કો.મુ.નુ૧૨/૨૦૨૧ દાવામાં જણાવેલ બાનાખત વાળી રકમ વસુલ લેવા માટે સીસી નં.૬૮૧/૨૦૨૧ તથા ૬૮૨/૨૦૨૧ના ક્રિમીનલ કેસો કરેલા છે આવી મહત્વની હકીકતો તેમની જાત માહિતીમાં હોવા છતા જાણીબુજીને નામદાર કોર્ટ સમક્ષ છુપાવેલ છે."* તે પણ હાલ ના તબક્કે ગ્રાહ્ય રાખી શકાય નહી કેમકે તે નક્કી કરવા માટે પણ પુરાવાનુ મુલ્યાંકન કરવુ જરૂરી જણાઇ આવે છે.

૬(સી) કેસનુ સમગ્ર રેકર્ડ જોઇએ તો પ્રતિવાદી તેમના જવાબમાં બાનાખત ખોટો ઉભો કરેલ હોય તેવુ કોઇ જગ્યાએ જણાવતા નથી અને આ કોર્ટનુ માનવુ છે કે જો આ બાનાખત ખોટો ગેર કાયદેસર ઉભો કરેલ હોય અને પ્રતિવાદીએ વાદી સામે કોઇ ફોજદારી ફરીયાદ દાખલ કરેલ હોય તેવો કોઇ દસ્તાવેજ હાલના તબક્કે રજુ થયેલ નથી. જેથી આ કોર્ટનુ માનવુ છે કે વાદીની તરફેણમાં દાવાવાળી મિલ્કત સંદર્ભે એક નોટરાઇઝ કરાર છે જેમાં વાદી દ્વારા બાર લાખ અવેજની રકમ શૈલેષભાઇ જશભાઇ પટેલ કે જે પ્રતિવાદી નયનાબેન ના પતિ થાય છે તેમને ચુકવી આપેલ છે.જેથી વાદીનો પ્રાઇમાફેસી કેસ જણાઇ આવે છે. આ કોર્ટનુ હાલના તબક્કે માનવુ છે કે જ્યારે વાદી દ્વારા બાનાખત કરાર નો વિશેષ અમલ કરાવી લેવા માટે દાવો દાખલ કરેલ હોય તો અવેજની રકમ પરત વાદીને આપી દેવાથી તેમને નાણા માં ભરપાઇ શકે તેવુ નથી કેમકે વાદી કરારનો વિશેષ અમલ કરાવી દાવાવાળી મિલ્કતનો રજીસ્ટ્રર્ડ વેચાણ દસ્તાવેજ પોતાના તરફેણમાં કરાવવા માંગે છે અને સદરહુ કેસમાં વાદી દ્વારા અવેજ ની રકમ પ્રતિવાદને ૨૦૧૭ અને બાનાખત કરાર સમયે ૨૦૧૮માં આપેલ છે અને વાદી બાકી અવેજની રકમ રૂ.એક લાખ આપવા

તૈયાર છે જેથી પ્રતિવાદીઓની રજુઆત કે વાદીને નાણામાં ભરપાઇ થઇ શકે તે ગ્રાહ્ય રાખી શકાય નહી.

જેથી વાદીનો પ્રાઈમ ફેશી કેસ જણાય આવે છે અને ઉપરોક્ત ચર્ચા મુજબ વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાની શક્યતા રહેલી છે અને જે દાવાવાળી મિલ્કત પ્રતિવાદીઓ દ્વારા કોઇ પણ રીતે બીજા કોઇ ને ટ્રાન્ફર કરવામાં આવે તો મલ્ટીપ્લીસીટી ઓફ લીટીગેશન ની શક્યતા નકારી શકાય નહી જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં જણાય આવે છે. પ્રતિવાદી દ્વારા ૧૯/૧ થી ૧૯/૬ સુધી રજુ થયેલ દસ્તાવેજોને આધારે પ્રતિવાદીના પ્રાઇમાફેસી કેસને સમર્થન મળતું નથી. જેથી વાદીની મનાઈ હુકમની અરજી ગ્રાહય રાખી મુદદા નં -૧-૨-૩ નો જવાબ હકારમા આપી, મુદદા નં.૪ નો આખરી ન્યાયી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## <u>હુ ક મ</u>

(૧) આથી વાદીની આંક-૫ ની કામ ચલાઉ હુકમની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીઓને એવો કામચલાઉ મનાઇ હુકમ કરવામાં આવે છે કે દાવાના આખરી નિકાલ થતા સુધી તેઓ કે તેમના મળતીયા ઇસમો, પ્રતિનિધીઓ દાવવાળી મિલ્કતને અન્ય કોઇને વેચાણ બક્ષીસ કે અન્ય કોઇ રીતે ટ્રાન્ફર કરે કરાવે નહી.

(૩) પક્ષકારોએ સદરહુ દાવાવાળી મિલ્કત ની દાવાના આખરી નિકાલ થતા સુધી યથાવત સ્થીતિ જાળવી રાખવી.

(૪) સદરહુ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આજરોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચી-સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭/૧૨/૨૦૨૩.

આંકલાવ.

( ડો. અભિનવ મુદગલ )
પ્રિન્સીપાલ સીવીલ જજ,
આંકલાવ .
જજ કોડ નં-જીજે૦૧૩૩૨